ડમ્પરે વીજલાઈનને અડફેટે લેતાં ધડાકા

વાગરા-વીંછીયાદ માર્ગ પર ડમ્પરે 11 KVની હાઈટેન્શન લાઈનને તોડી પાડતાં જોરદાર ધડાકા સાથે સમગ્ર વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાયો

વીંછીયાદમાં અંધારપટ, વીજ કંપનીના ફીડર ઉપરાંત પાઈપલાઈનને પણ મોટું નુકસાન, સદનસીબે જાનહાનિ ટળતા મોટી રાહત

ભરૂચઃ વાગરા-વીંછીયાદ માર્ગ પર પવનચક્કીના કામમાં રોકાયેલા એક બેફામ ડમ્પરે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. શનિવારે રાત્રે સર્જાયેલી આ ઘટનામાં KP ગ્રુપની પવનચક્કીના કામમાં કાર્યરત પ્રતીક કન્સ્ટ્રક્શનના ડમ્પર (નંબર GJ-16-AU-4150)ની ટ્રોલી 11 KVની હાઈટેન્શન વીજ લાઈન સાથે અથડાયું હતું. આ અથડામણ એટલી પ્રચંડ હતી કે વીજલાઈનો તૂટી પડતા જોરદાર ધડાકા થયા હતા અને આખું વીંછીયાદ ગામ અંધકારમાં ધકેલાઈ ગયું હતું.

વીજ કરંટના ઝટકાને કારણે ડમ્પરના ટાયરો પણ ફાટી ગયા હતા, જો કે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. બીજી તરફ, રાત્રે ગભરાઈ ગયેલા સ્થાનિક રહીશોમાં પવનચક્કીની કામગીરી કરતી કંપનીઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે માત્ર આર્થિક દંડ જ નહીં, પરંતુ માનવ જિંદગી જોખમમાં મૂકનાર જવાબદાર કોન્ટ્રાક્ટર અને ડ્રાઈવર સામે ગુનાહિત કાયદા હેઠળ કડક કાર્યવાહી થવી જોઈએ.

KP ગ્રુપ પાસેથી તમામ નુકસાની વસૂલાશે: DGVCL

DGVCL વાગરાના DE પ્રજાપતિએ જણાવ્યું હતું કે, રવિવારની રજા હોવા છતાં કર્મચારીઓએ રાતોરાત યુદ્ધના ધોરણે કામગીરી કરી વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો હતો. આ ગંભીર બેદરકારી બદલ સોમવારે KP ગ્રુપને કાયદેસરની નોટિસ ફટકારી તમામ નુકસાની વસૂલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

50 મીટરના અંતરે જ ગેસ એજન્સી, એક તણખો પણ પડતે તો...

આ અકસ્માત જ્યાં સર્જાયો ત્યાંથી માત્ર 50 મીટરના અંતરે જ ઇન્ડિયન ગેસ એજન્સી છે. જો વીજ લાઈન તૂટવાથી પેદા થયેલું એક પણ તણખો ગેસ એજન્સીના પરિસરમાં પહોંચ્યું હોત, તો વાગરા પંથકમાં અકલ્પનીય વિસ્ફોટ અને જાનહાનિ સર્જાઈ હોત. કંપનીના સુપરવાઈઝર અને ડ્રાઈવરની આ ભૂલને કારણે હજારો લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. આ ઘટનાને પગલે વાગરા DGVCLના મોસમ ફીડર અને વીંછીયાદ પાઈપલાઈન સહિતની મુખ્ય લાઈનોને મોટું નુકસાન પહોંચ્યું છે.

ડમ્પર કાળ બન્યો, ચાર વાહનને અડફેટે લીધાં, મોપેડચાલકનું મોત

ભરૂચના કંથારિયા ગામ પાસેની ઘટના, રિક્ષા પલટાવ્યા બાદ એક કાર અને મોપેડને પણ અડફેટે લીધાં

રિક્ષામાં સવાર દંપતી સહિત પાંચને ઈજા, અકસ્માત બાદ ડમ્પર મૂકી ચાલક ભાગી છૂટ્યો

ભરૂચઃ ભરૂચ તાલુકાના કંથારિયા ગામ પાસે આજે એક બેકાબૂ ડમ્પરે એક રિક્ષા, કાર અને મોપેડને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ત્રિપલ અકસ્માતમાં મોપેડ ચાલક અરુણ અરવિંદભાઈ રાઠોડ (ઉ.વ.26)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય 5ને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક સ્થળ પર જ વાહન છોડીને ફરાર થઈ ગયો હતો.

ભરૂચના ભોલાવ સ્થિત ડેરા તલાવડી વિસ્તારમાં રહેતા અજય ગોવિંદ રાઠોડ પત્ની સોનલ રાઠોડ અને સાસુ શારદાબેન સાથે રિક્ષા લઈને ભોલાવથી દેરોલ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન કંથારિયા દલાલ સ્ટ્રીટ પાસે સામેથી આવતા એક ડમ્પરના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવી રિક્ષા તેમજ મોપેડ અને કારને એક પછી એક અડફેટે લીધા હતા. ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષા માર્ગ પર જ પલટી મારી ગઈ હતી, જેના કારણે રિક્ષામાં સવાર મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

તમામ ઈજાગ્રસ્તોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા છે. જો કે, મોપેડ ચાલક અરુણ અરવિંદભાઈ રાઠોડનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ભરૂચ તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ડમ્પર કબજે કર્યું હતું. પોલીસે ડમ્પર નં-GJ-16,AY-6316ના ભાગી છુટેલા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડના પ્રયાસ આદર્યા છે.

પાલોદમાં 12 ચોપડી ભણેલો બોગસ ડોક્ટર ઝડપાયો

કનકનિધિ એપાર્ટમેન્ટમાં SOGના દરોડા, 21 જાતની દવા, ઈન્જેક્શન સહિતની સારવારની સામગ્રી જપ્ત

હથોડા, પલસાણાઃ માંગરોળના પાલોદ ગામમાં લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડા કરતાં એક બોગસ ડોક્ટરને એસઓજીએ દબોચી લીધો હતો. માત્ર ધો.12 ભણેલા કમ્પાઉન્ડરે પાંચ વર્ષનો અનુભવ કામે લગાડી તબીબના નામે ધંધો શરૂ કરી દીધો હતો.

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.ને બાતમી મળી હતી કે, પાલોદ ગામમાં યશ ફેશન કંપનીની સામે 'કનકનિધિ એપાર્ટમેન્ટ'ની દુકાન નં.૩૧માં એક શખ્સ ડિગ્રી વગર એલોપેથીક દવાખાનું ચલાવે છે. પોલીસે પાલોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.નરેન્દ્રકુમાર પ્રસાદને સાથે રાખી દરોડો પાડ્યો હતો. ક્લિનિકમાં નકલી તબીબ બની પ્રેક્ટિસ કરતો અશોકકુમાર કલુટરામ ગોંડ (ઉ.વ.૫૮ રહે., ઘર નં.65, કિર્તન રેસિડન્સી, પાલોદ, માંગરોળ, મૂળ રહે., બરહીકલા, બરહીનવાદા, તા.પીંડરા, જિ.વારાણસી, ઉત્તરપ્રદેશ) ઝડપાઈ ગયો હતો.

આરોપીએ પૂછપરછમાં તે માત્ર ધો.૧૨ સુધી જ ભણેલો હોવાનું કબૂલ્યું હતું. તેણે અગાઉ પોતાના વતન ઉત્તર પ્રદેશમાં એક ક્લિનિકમાં પાંચ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી. આ અનુભવના આધારે તે પાલોદમાં છેલ્લા એક વર્ષથી ક્લિનિક ખોલીને બેઠો હતો. પોલીસે ક્લિનિકમાંથી એલોપેથીક દવાઓ, ઈન્જેક્શન, સ્ટેથોસ્કોપ અને બીપી મશીન સહિત કુલ રૂ.૩૧૨૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દવાખાનાની બહાર બોર્ડ પણ માર્યું ન હતું

એસઓજીએ દરોડો પાડ્યો તો દુકાન ઉપર ક્લિનિકનું બોર્ડ સુધ્ધાં ન હતું. પરંતુ એક દવાખાનામાં જે સાધનો હોય એ પ્રકારની તમામ સિસ્ટમ ઊભી કરી દીધી હતી. પરફેક્ટ સેટપ જોઈ પોલીસ પણ ચોંકી ઊઠી હતી. નકલી તબીબ અશોકકુમાર બરહીકલામાં ડો.દયાનંદ સિંગની ક્લિનિકમાં કામ કરતો હતો અને મોટા ભાગની દવાઓ વિશે તેણે જાણકારી મેળવી એ હિસાબે ગોરખધંધો શરૂ કરી દીધો હતો. પોલીસે 21 પ્રકારની દવાઓ કબજે કરી હતી.

ફોર્ચ્યુનરની ટક્કરે વાન પલટી, કિશોરનું મોત

વ્યારા-બારડોલી નેશનલ હાઈવે નં. 53ની ઘટના, વાનમાં સવાર વાલોડના પરિવારના બે વર્ષીય બાળકી સહિત અન્ય ચારને ગંભીર ઈજા

બારડોલીઃ વ્યારા-બારડોલી નેશનલ હાઈવે નં. 53 પર માણેકપોર ગામની સીમમાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. વાલોડના કુંભારવાડ વિસ્તારમાં રહેતા ફૈઝાન સકીલ અહમદ ગનમ અને તેમનો પરિવાર પોતાની મારૂતિ ઓમની વાન (નં. GJ 19 A 8406)માં ખરીદી કરવા માટે બારડોલી જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવી રહેલી એક ટોયોટા ફોર્ચ્યુનર ગાડી (નં. GJ 05 JT 3920)ના ચાલકે વાનને જોરદાર ટક્કર મારતા વાન રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં વાનમાં સવાર ૧૪ વર્ષીય કિશોર માહીરખાન નાસીરખાન પઠાણનું મોત નીપજ્યું છે. જ્યારે ચાલક ફૈઝાન સકીલ અહમદ ગનમ (ઉ.વ. ૩૧), સિદ્દીકા ફૈઝાન ગનમ (ઉ.વ. ૨૬), માઈઝ ના સીરખાન પઠાણ (ઉ.વ. ૨૩), આયસા ફૈઝાન ગનમ (ઉ.વ. ૦૨) અને જુવેરીયા જુબેર શેખ (ઉ.વ. ૨૨)ને ગંભીર ઈજાઓ પહોંચતા બારડોલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ૨ વર્ષની બાળકી આયસાને વધુ સારવાર માટે સુરત રીફર કરવામાં આવી છે.

અકસ્માત સર્જીને ફોર્ચ્યુનર ગાડીનો ચાલક ફરાર થઈ ગયો હતો. સુરત ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હવે ટ્રોલી બેગની આડમાં હેરાફેરી, કન્ટેનરમાંથી 48.61 લાખનો દારૂ જપ્ત

ધુલિયાથી દારૂ સુરત પહોંચાડવાનો હતો, એના નજીક હાઈવે પરથી પોલીસે ઝડપી પાડ્યો, ચાલકની ધરપકડ

ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે પલસાણા પોલીસ સ્ટેશનની હદના એના ગામ પાસે નેશનલ હાઈવે-53 પરથી 48.61 લાખનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું છે.

એલ.સી.બી.ના પીએસઆઈ એચ.સી. મસાણીની ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, ધુલિયા તરફથી એક અશોક લેલન કન્ટેનર (નંબર MH-04-JK-3435) વિદેશી દારૂ ભરીને નવાપુર અને વ્યારા થઈને સુરત તરફ આવી રહ્યું છે. જેથી પોલીસે એના ગામના ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી નાકાબંધી કરી હતી.

શંકાસ્પદ કન્ટેનરને અટકાવી તેની તપાસ કરતા ટ્રોલી બેગોની આડમાં છુપાવેલી વિદેશી દારૂની બાટલીઓ 11,676 નંગ કિંમત 48,61,920 મળી આવી હતી. પોલીસે દારૂ ઉપરાંત અશોક લેલન કન્ટેનર કિંમત 15,00,000, ટ્રોલી બેગ 52 નંગ કિંમત 2,60,000 તેમજ મોબાઈલ ફોન અને રોકડ મળીને કુલ 66,32,950નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે કન્ટેનર ચાલક અમરારામ પુનઃમારામ બિશ્નોઈ (રહે. રાજસ્થાન)ને ઝડપી પાડી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર રમેશભાઈ ગીરધારીરામ બિશ્નોઈને વોન્ટેડ જાહેર કર્યા છે.

હાઈવેના ટ્રાફિકજામમાં વેપારીનો આઈફોન ગયો

નવી પારડી નજીકની ઘટના, બે ઠગબાજે પગ પર ગાડી ચઢાવી દીધી કહી ઈનોવાનો કાચ ખોલાવ્યો અને કારમાંથી ફોન તફડાવી ભાગી છૂટ્યા

કામરેજઃ નવીપારડી પાસે ટ્રાફિકમાં ફસાયેલા કારચાલકને વાતમાં નાંખી બે અજાણ્યા ઈસમ આઈફોનની ચોરી કરી નાસી છુટ્યા હતા.

સુરતના ઉત્રાણ ઘર નંબર 12 લીલાબા બંગ્લોઝમાં રહીને જવર્લસની દુકાન ચલાવતા 24 વર્ષીય નેહિલ ભાવેશ ધોળકીયા પોતાની ટોયેટા કાર નંબર જીજે 05 આરઝેડ 1881 લઈને પાંચ દિવસ અગાઉ કામ માટે સુરતથી અમદવાદ જવા માટે નીકળ્યા હતા. ત્યારે મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર કામરેજ તાલુકાના નવીપારડી ગામની હદમાં બીપીસીએલ પંપની સામે ટ્રાફિક જામમાં તે ફસાયા હતા. ત્યારે બે અજાણ્યા ઈસમ રોડ ક્રોસ કરતા હતા. જેમાંથી એક ઈસમ ઈનોવા પાસે આવી કલીનર તરફનો કાચ ખખડાવતા કાચ ખોલતાં મારવાડી કે મરાઠી ભાષામાં વાત કરીને પગ પર ગાડીનું વ્હીલ ચઢાવી દીધું હોવાની વાત કરી હતી. આ વખતે બીજા ઈસમે વાત કરવા ડ્રાઈવર સાઈડનો કાચ ખોલાવી કારના ડેશ બોર્ડ પર મુકેલો આઈફોન 17 પ્રો લઈને નાસી છુટયો હતો. કામરેજ પોલીસે રૂ.1,25,000ના આઈફોનની ચોરીનો ગુનો નોંધ્યો છે.

અક્કલનો બારદાન, રેલવે અંડરપાસમાં કોન્ક્રિટ મિક્સર ટ્રક ફસાવતાં ટ્રાફિકજામ

■ બારડોલીઃ બારડોલીના બાબેન સ્થિત સુગર ફેક્ટરી પાસેના રેલવે અંડરપાસમાં વધુ ઊંચાઈને કારણે એક કોન્ક્રીટ મિક્સર ટ્રક સેફ્ટી ગર્ડરમાં ફસાઈ ગઈ હતી. આ અકસ્માતને પગલે બાબેન તરફનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ જતાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિકને રેલવે ફાટક તરફ ડાયવર્ટ કર્યો હતો. અંતે, ટેકનિકલ ટીમની મદદથી ગર્ડર ઊંચું કરી ટ્રકને બહાર કઢાઈ હતી.

મહુવા બારડોલી રોડ પર બે બાઈક ભટકાઈ, એકનું મોત

અનાવલઃ મહુવા- બારડોલી સ્ટેટ હાઈવે પર તરસાડી ગામની સીમમાં શનિવારે સાંજના સમયે મહુવા તાલુકાના નળધરા ગામના રહીશ સહદેવભાઇ કાંતીભાઇ ચૌધરી પોતાની મોટરસાયકલ લઈને બારડોલીથી મહુવા તરફ આવી રહ્યા હતા. સાઈકૃપા ઉદ્યોગનગર નજીક તેમણે આગળ ચાલતી ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમિયાન સામેથી આવતી હીરો હોન્ડા સ્પ્લેન્ડર સાથે જોરદાર ટક્કર થતા મહુવા તાલુકાના તરસાડી ગામના રહીશ ચેતનભાઇ નટુભાઇ સુચલ (રબારી ઉંમર 42 વર્ષને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

RTO-CHALLAN.apk ક્લિક કરી ને 2.35 લાખ ઉડી ગયા

સુરતના વેપારીના વોટ્સએપ ગ્રુપમાં ફાઈલ આવી હતી, મોબાઈલ હેક થયો ને OTP કે મેસેજ વિના બેન્ક એકાન્ટમાંથી રકમ ઉપડી ગઈ

પલસાણાઃ કડોદરા વિસ્તારમાં એક વેપારી સાથે 'RTO ઈ-ચલણ' ભરવાના બહાને ૨.૩૫ લાખ રૂપિયાની ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, યોગી ચોક વિસ્તારમાં રહેતા અને વિધાતા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અર્પિત ફેશન નામની ફેક્ટરી ધરાવતા વિપુલભાઈ ઠાકરશીભાઈ ગજેરાના વોટ્સએપ ગ્રુપમાં એક શંકાસ્પદ ફાઈલ આવી હતી. "RTO-CHALLAN.apk" નામની આ ફાઈલ ભૂલથી ક્લિક થઈ જતા વેપારીનો મોબાઈલ હેક થઈ ગયો હતો. કોઈ પણ મેસેજ કે OTP વગર જ વિપુલભાઈના પિતાના HDFC બેંકના ખાતામાંથી ટુકડે ટુકડે કુલ ૨,૩૫,૦૦૦ રૂપિયા ઉપડી ગયા હતા. આ રકમ બેંક ઓફ ઈન્ડિયાના એક ખાતામાં ટ્રાન્સફર કરી ATM દ્વારા ઉપાડી લેવામાં આવી હતી.

કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે લોકોને ચેતવણી આપતા જણાવ્યું છે કે કોઈપણ અજાણ્યા વોટ્સએપ ગ્રુપ કે નંબર પરથી આવેલી એપીકે ફાઈલ ક્યારેય ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરવી નહીં.

આંબોલીના મકાનમાંથી ગાંજા સાથે બે ઝડપાયા

કામરેજઃ કામરેજ પોલીસે છુટક વેચાણ માટે લાવેલા 489 ગ્રામ ગાંજા સાથે બે ઈસમને પકડી પાડયા હતા.

આંબોલી ગામે લક્ષ્મેશ્વરનગરમાં મિથીલા નિવાસના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા દિલીપ પ્રતાપસિંહ ગૌતમ (ઉ.વ.54, મૂળ રહે. સરોલી, જિ.હમીરપુર, ઉત્તરપ્રદેશ) અને હરવંશસિહ દરોગાસિંગ ચૌહાણ(ઉ.વ.37, મૂળ રહે. કોરારી,જિ.કાનપુર,ઉત્તરપ્રદેશ) ગાંજાનુ છુટક વેચાણ કરે છે એવી બાતમીના આધારે કામરેજ પીઆઈ અમિતસિંહ ચાવડાએ સ્ટાફ સાથે રેડ કરતાં રૂમમાં લાકડાના કબાટમાં પ્લાસ્ટીકની કોથળીમાંથી 489 ગ્રામ કિંમત રૂ.24450નો ગાંજો મળી આવ્યો હતો. બંને ઈસમોની અટક કરી પુછપરછ કરતાં અજાણ્યા પાસેથી છુટક વેચાણ માટે લાવ્યા હોવાનું જણાવતા બંને વિરૂધ્ધ એન.ડી.પી.એસ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતના ઈજાગ્રસ્તોની મદદ કરનારા આઠ 'રાહવીર'નું સન્માન

સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું, રૂ. ૨૫,૦૦૦નું પ્રોત્સાહન રકમ પણ ચૂકવાશે

પલસાણાઃ સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા માર્ગ અકસ્માતના ગંભીર કિસ્સાઓમાં ઈજાગ્રસ્તોને સમયસર હોસ્પિટલ પહોંચાડી માનવતા મહેકાવનાર આઠ નાગરિકનું વિશેષ સન્માન કરવામાં આવ્યું છે. સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા દ્વારા આ તમામ 'રાહવીરો'ને સાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

'રાહવીર' એટલે એવો વ્યક્તિ જે અકસ્માત બાદના પ્રથમ કલાક એટલે કે 'ગોલ્ડન અવર'માં પીડિતોને એમ્બ્યુલન્સ કે અન્ય માધ્યમ દ્વારા ટ્રોમા કેર સેન્ટર સુધી પહોંચાડે છે.

સરકારની 'રાહવીર યોજના' અંતર્ગત ગંભીર અકસ્માતમાં જીવ બચાવનાર વ્યક્તિને રૂ. ૨૫,૦૦૦ની ઈનામી રકમ આપવાની જોગવાઈ છે, જે આગામી દિવસોમાં આ સન્માનિતોને એનાયત કરવામાં આવશે. આ યોજના મુજબ જો એકથી વધુ વ્યક્તિઓ મળીને કોઈનો જીવ બચાવે તો ઈનામી રકમ સમાન હિસ્સે વહેંચાય છે અને જો એકથી વધુ પીડિતોના જીવ બચાવવામાં આવે તો પ્રતિ રાહવીર રૂ. ૨૫,૦૦૦ ચૂકવવામાં આવે છે. સન્માનિત થયેલા નાગરિકોમાં કેવલ દેસાઈ, તુષાર જાસોલીયા, સંતોષ પટેલ, રામરખ પંચારીયા, યોગેશ શર્મા, વિનોદ રાજપરા, મનોજ દેસાઈ અને અરવિંદ વડોદરીયાનો સમાવેશ થાય છે. પોલીસ વિભાગે વધુમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં પણ આવી રીતે મદદ કરનાર જાગૃત નાગરિકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

વણેસા નજીક કતલખાને લઈ જવાતી 16 ભેંસને મુક્ત કરાવાઈ

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશનના વણેસા ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર-૫૩ પરથી 16 ભેંસ ભરેલી એક ટ્રકને ઝડપી પાડી ડ્રાઈવરની ધરપકડ કરાઈ છે.

પલસાણા પોલીસે બાતમીના આધારે મોજે વણેસા ગામની સીમમાં પલસાણા-બારડોલી રોડ પર વોચ ગોઠવી અશોક લેલેન્ડ ટ્રક નંબર-GJ-02-ZZ-4965ને અટકાવી તપાસ કરતા, ક્રૂરતાપૂર્વક બાંધેલી ૧૬ ભેંસ મળી આવી હતી. ભેંસોના ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વિના અને હલનચલન ન કરી શકે તે રીતે ખીચોખીચ ભરી કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવતા હતા.

પોલીસે ૧૬ ભેંસ, ટ્રક મળી કુલ રૂ. ૮,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ રહીમશા બિસ્મીલાશા ફકીર (રહે. કડી, જિ. મહેસાણા)ની ધરપકડ કરી નબીરસુલ મુસ્તુફા શેખ (રહે. ભાલેજ, જિ. આણંદ) ને વોન્ટેડ જાહેર કર્યો છે.

અંકલેશ્વરમાં ગાઢ ધુમ્મસ, ઝીરો વિઝીબિલિટીથી વાહનચાલકો પરેશાન

વહેલી સવારે હાઈવે અને મુખ્ય માર્ગો પર ટ્રાફિકને અસર, વાહનોની લાઈટો ચાલુ રાખવી પડી

અંકલેશ્વર,ભરૂચઃ અંકલેશ્વર GIDC અને આસપાસના વિસ્તારોમાં રવિવાર સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને ઠંડીનો તીવ્ર અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, વિસ્તારમાં લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ધુમ્મસના કારણે રસ્તાઓ પર ઝીરો વિઝીબિલિટી જેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. સવારના સમયે હાઈવે અને મુખ્ય માર્ગો પર વાહનચાલકોને હેડલાઈટ સાથે સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની ફરજ પડી હતી.

સ્થાનિકોએ ધુમ્મસ અને ઠંડીના સંયુક્ત પ્રભાવને કારણે રોજિંદા કાર્યો અને આવાગમનમાં અડચણોનો સામનો કરવો પડ્યો હતો.

બારડોલી પંથકમાં ગાઢ ધુમ્મસઃ કેરીના પાક પર જોખમ વધતા ખેડૂતો ચિંતાતુર

બારડોલીઃ દક્ષિણ ગુજરાતમાં બદલાયેલા હવામાનને પગલે આજે વહેલી સવારથી જ બારડોલી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. આ વાતાવરણને કારણે ખાસ કરીને બારડોલીના કેરી પકવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હાલમાં આંબા પર મોર (ફૂલ) આવવાની પ્રક્રિયા પૂરજોશમાં છે, ત્યારે આ ઝાકળ અને ધુમ્મસને કારણે કેરીના મોર ખરી જવાની અથવા તેમાં જીવાત પડવાની શક્યતા વધી ગઈ છે.

Milano MULTIPLEX
બારડોલી
The Raja Saab
10:00am, 01:30pm, 06:00pm, 09:00pm,
Jai Kanhaiyalall Ki-Gujarati
02:30pm, 09:30pm
One Two Cha Cha Chaa
03:00pm, 10:00pm
Dhurandhar : 05:00pm
Rahu Ketu : 12:00pm, 07:00pm
Bihu Attack : 11:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333